## સાતમા એડિ.સિવિલ જજ અને જ્યુડિ.મેજી.ફ.ક, સુરતની કોર્ટમાં

ફોજદારી કેસ નં.

આંક-

ફરીયાદીઃ- સરકારશ્રી

વિરુધ્ધ

આરોપીઃ-

ગુનોઃ- પ્રોહિ.એક્ટની કલમ- ૬૬(૧) બી મુજબ.

**<u>ચુકાદો</u>**

૧. આ કામના આરોપી સમક્ષ ૬૬(૧) (બી) મુજબના ગુન્હાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ થતા આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા પોલીસ પેપર્સની તમામ નકલો વિના મુલ્યે આપવામાં આવેલી ત્યારબાદ આરોપીએ આંક-૩ થી ગુનાની કબુલાત પુરશીસ રજુ કરેલ છે. જે પુરશીસ વંચાણે લેતા આરોપીએ સ્વૈચ્છીક રીતે સદર ગુનો કબુલ કરેલ જણાઈ આવે છે. વધુમાં, આરોપીએ મૌખિક રજુઆત કરેલ છે કે, પોતે ગરીબ ઘરના છે અને અભણ વ્યક્તિ છે અને તેના કુટુંબની જવાબદારી તેમની ઉપર છે, જેથી દયા રાખી ઓછી સજા કરવાની વિનંતી કરે છે અને ફરી આ પ્રકારનો ગુનો ના કરે તેવી બાંહેધરી આપે છે.

૨. આરોપીને ગુના અંગેની તેમજ ગુનાની શિક્ષાત્મક જોગવાઈઓ અંગે પણ સમજ આપેલ છે અને પુછપરછ કરતા સંપુર્ણ સ્વૈચ્છીક રીતે તેણે ગુનો કબુલ કરેલ છે તેવુ ફલિત થાય છે. આવા સંજોગોમાં આરોપી ઉપર દયા રાખવી જરૂરી જણાઈ છે અને તે સંજોગોમાં કેસની તમામ હકીકતો અને આરોપીની રજુઆત તથા આરોપીની સ્વૈચ્છીક ગુના કબુલાતને ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આ કામે આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ- ૬૬(૧) (બી) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂપિયા- /- (અંકે રૂપિયા સો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને દંડ ન ભરે તો તેને ૨ (બે) દિવસની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ૧૧ મી માહે ૦૨ સને ૨૦૨૩ ના રોજ નેશનલ લોકઅદાલતમાં સ્પે. સીંટીંગમાં જાહેર કર્યો.

તા. ૧૧/૦૨/૨૩ (એસ.એન.મોદી )

મુ. સુરત ૧૨મા અડિ.સિવિલ જજ

અને જ્યુ.મજી.ફ.ક, સુરત

GJ ૦૧૬૮૨

Fine Paid Rs. ______ /-

vide receipt No.___________

Superintendent